જા.નં./RMSA/ફીટ ઇન્ડિયા/૨૦૨૩/15754

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બી-૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત.
તા. ૧૫/૦૬/૨૦૨૩

બિડાણ પત્રની જાણ તથા અમલવારી કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિ. સુરત

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરતની શહેર અને જીલ્લાની તમામ સરકારી, અનુદાનિત અને બિનઅનુદાનિત શાળાઓ.
જિલ્લો-સુરત

NIPUN BHARAT

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

શિક્ષણનો અધિકાર

સમગ્ર શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ કચેરી,
સમગ્ર શિક્ષા, સેકટર-૧૭,
ગાંધીનગર.
E-mail -qecell@gmail.com
ફોન નં-૦૭૯-૨૩૨૪૧૩૩

પત્રક્રમાંક-સમગ્ર શિક્ષા/ક્યુઈસેલ/૧/૨૦૨૩/ ૪૨૮૫૨-૮૮૯ — તા-~~૦૬~~ ૦૮.૦૯.૨૦૨૩

પ્રતિશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિલ્લા: તમામ

પ્રતિશ્રી,
જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટરશ્રી અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા: તમામ
શાસનાધિકારીશ્રી-અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ

**વિષય : Fit India School Quiz 2023માં ભાગ લેવા બાબત.**
**સંદર્ભ : ૧. સ્પોર્ટ ઓથોરીટી ઓફ ઇન્ડીયાનો તા:૦૧/૦૯/૨૦૨૩ નો પરિપત્ર.**
**૨. MoE ભારત સરકારનો તા:૦૫/૦૯/૨૦૨૩ નો પરિપત્ર**

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે શાળાના બાળકોમાં ફિટ ઈન્ડિયા મુવમેન્ટના સંદેશને આગળ વધારવા અને શાળાઓમાં તેની અસરકારતા વધારવા માટે દેશભરમાંથી શાળાના બાળકોને સામેલ કરવા માટે "Fit India School Quiz 2023"નું આયોજન કરવામાં આવેલ છે. ફીટ ઈન્ડિયા ક્વીઝ વિદ્યાર્થીઓને તંદુરસ્તી અને રમતગમત વિશેનું પોતાનું જ્ઞાન દર્શાવવા માટે રાષ્ટ્રીય પ્લેટફોર્મ પ્રદાન કરવા સાથે સદીઓથી જૂની સ્વદેશી રમતો, ભૂતકાળના આપણા રમતના નાયકો અને પરંપરાગત ભારતીય રમતોના ઇતિહાસ વિશે વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવાનાં પ્રયત્નો કરે છે.

આ ક્વીઝમાં સરકારી, અનુદાનિત તેમજ સ્વનિર્ભર તમામ માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન કરી શકાશે તેમજ ઉચ્ચ પ્રાથમિક વિભાગના ધોરણ ૮ ના વિદ્યાર્થીઓ પણ ભાગ લઈ શકશે. ક્વીઝમાં રજીસ્ટ્રેશન કરવા માટે શાળા ફિટ ઈન્ડિયા વેબસાઇટ પર રજીસ્ટર થયેલી હોવી જરૂરી છે. જો શાળાનું રજીસ્ટ્રેશન ના થયેલું હોય તો પહેલાં શાળાનું રજીસ્ટ્રેશન કર્યા બાદ ક્વીઝ માટે રજીસ્ટ્રેશન કરવાનું થશે. ક્વીઝ માટેની માર્ગદર્શિકા આ સાથે સામેલ છે. જે ધ્યાને લઇ આપના જિલ્લાની તમામ શાળાઓને આપની કક્ષાએથી વધુમાં વધુ વિદ્યાર્થીઓને "Fit India School Quiz 2023"માં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવા વિનંતી છે.

*ખાસ નોંધ- ફિટ ઈન્ડિયા ક્વીઝ રજીસ્ટ્રેશન ફિટ ઈન્ડિયા વેબસાઇટ (https://fitindia.gov.in/fit-india-quiz) પર તા-૦૪/૦૯/૨૦૨૩ સોમવારથી શરૂ કરવામાં આવેલ છે. રજીસ્ટ્રેશનની અંતિમ તા-૦૪/૧૦/૨૦૨૩, બુધવાર છે*

(મહેશ મહેતા)
સચિવ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફીસ
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

**નકલ સવિનય રવાના:**

- માન. એસ.પી.ડી.શ્રી, સદર કચેરી
- માન. એ.એસ.પી.ડી.શ્રી, સદર કચેરી

# Fit India School Quiz 2023 માર્ગદર્શિકા

| | |
|---|---|
| રજીસ્ટ્રેશન/સ્કૂલ રાઉન્ડ | • શાળાના વિદ્યાર્થીઓ માટે આંતરિક ક્વીઝનું આયોજન કરી શાળા વિદ્યાર્થીઓની પસંદગી કરશે, અને પસંદ કરાયેલા આ વિદ્યાર્થીનું રજીસ્ટ્રેશન પ્રિલીમીનરી રાઉન્ડ માટે કરશે.<br>• બધી જ શાળાઓને પ્રિલીમીનરી રાઉન્ડ માટે રજીસ્ટ્રેશન કરવાની તક આપવામાં આવશે.<br>• ક્વીઝ-રજીસ્ટ્રેશન કરવા માટે શાળાએ ઓછામાં ઓછા બે વિદ્યાર્થીની એન્ટ્રી ફિટ ઇન્ડિયા વેબસાઇટ (https://fitindia.gov.in) પર કરવાની રહેશે.<br>• રજીસ્ટ્રેશન માટે વિદ્યાર્થીદીઠ રૂપિયા ૧૦૦/- રજીસ્ટ્રેશન-ફી રહેશે.<br>• સરકારી શાળામાં મહત્તમ બે વિદ્યાર્થીઓની રજીસ્ટ્રેશન-ફી સ્કૂલ કમ્પોઝીટ ગ્રાન્ટમાંથી ભરી શકાશે. આ બે વિદ્યાર્થીઓની પસંદગી માટે આંતરિક ક્વીઝનું આયોજન કરવાનું રહેશે. |
| પ્રિલિમીનરી રાઉન્ડ/<br><br>NTA રાઉન્ડ | • NTA (National Testing Agency) દ્વારા સંચાલિત ઓનલાઈન પ્લેટફોર્મના માધ્યમથી ક્વીઝ માટે રજીસ્ટર થયેલા વિદ્યાર્થીઓની સ્પર્ધા થશે. આ સ્પર્ધાના પ્રશ્નોનું માળખું ધોરણ 8 કે તેથી ઉપરના ધોરણના વિદ્યાર્થીઓ સરળતાથી જવાબ આપી શકે એ મુજબ રાખવામા આવશે.<br>• ૧૩ ભાષાઓમાં (અંગ્રેજી, હિન્દી, તામિલ, મલયાલમ, તેલુગુ, કન્નડ, મરાઠી, ગુજરાતી, ઓડિયા, આસામી, બંગાળી, પંજાબી અને ઉર્દુ) પ્રશ્નો રાખવા જોગવાઈ કરવામાં આવશે.<br>• NTA રાઉન્ડ પહેલા રજીસ્ટર થયેલા વિદ્યાર્થીઓએ માટે ક્વીઝમાં જોડાવા માટેની લીંક, યુજરનેમ તેમજ પાસવર્ડ જેવી વિગતો શાળા તેમજ વિદ્યાર્થીને આપવામાં આવશે.<br>• NTA રાઉન્ડ 30 મિનિટનો રહેશે, જેમાં MCQ પ્રકારના 60 પ્રશ્નો રહેશે. પ્રત્યેક સાચા ઉત્તર માટે 4 માર્ક્સ પ્રદાન કરવામાં આવશે અને પ્રત્યેક ખોટા ઉત્તર માટે 1 માર્ક ઓછો કરવામાં આવશે.(નેગેટીવ માર્કિંગ પદ્ધતિ)<br>• NTA રાઉન્ડમાં વિદ્યાર્થી દ્વારા મેળવવામાં આવેલા સ્કોરના આધારે તેમનું મૂલ્યાંકન નક્કી કરાશે. જો એક કરતાં વધુ વિદ્યાર્થી સરખા સ્કોર પર આવે ત્યારે ઉંમરના આધારે નાની વય ધરાવતા વિદ્યાર્થીને મેરિટમાં આગળ ગણવામાં આવશે.<br>• જે વિદ્યાર્થીના નામ મેરિટમાં આવશે તે શાળાઓમાંથી રાજ્ય કક્ષાના રાઉન્ડ માટે ક્વાલિફાય થશે.<br>• મેરિટમાં આવેલી શાળાઓમાંથી નીચે આપેલી વિગત મુજબ ઓછામાં ઓછી 4 (ચાર) અને વધુમાં વધુ 32(બત્રીસ) શાળાઓને આગળના રાઉન્ડ માટે પસંદ કરાશે.<br>• જ્યારે એક જ શાળામાંથી એક કરતાં વધુ વિદ્યાર્થી મેરિટ યાદીમાં આવેલ હોય ત્યારે પછીના ક્રમે આવતા વિદ્યાર્થી અને તેની શાળાને આગળના રાઉન્ડમાં જવા માટે તક આપવામાં આવશે.<br>• ક્વાલિફાય થયેલ શાળાએ રાજ્યકક્ષાના રાઉન્ડ માટે બે સભ્યોની ટીમ બનાવવા પોતાની શાળામાંથી એક બીજા વિદ્યાર્થીનું નામ ક્વીઝ-પાર્ટનર તરીકે નોમિનેટ કરવાનું થશે. એક શાળામાંથી એક કરતાં વધું વિદ્યાર્થી મેરીટ યાદીમાં આવેલ હશે તેવા સંજોગોમા બીજા ક્રમનો વિદ્યાર્થી આપમેળે આ બે સભ્યવાળી ટીમનો ભાગ બની જશે. |

| | |
|---|---|
| | • ક્વીઝ-પાર્ટનર તરીકે નોમિનેટ કરેલ વિદ્યાર્થીની વિગત ક્વોલિફાય થયેલ શાળા દ્વારા ફિટ ઈન્ડિયા વેબસાઇટ પર આપવાની થશે.<br>• પ્રિલિમીનરી રાઉન્ડમાં ભાગ લેવાવાળા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવશે. મહત્તમ વિદ્યાર્થીઓને ભાગ લેશે તેવી શાળાઓને સન્માનિત કરવામાં આવશે. |
| રાજ્ય કક્ષાનો રાઉન્ડ | • ક્વોલિફાઇ થયેલી શાળાઓમાંથી 4 થી 32 જેટલી ટીમ માટે સુઆયોજિત ડિજિટલ પ્લેટફોર્મ પર રાજ્ય કક્ષાના રાઉન્ડનું આયોજન થશે.<br>• ક્વોલિફાઇ થયેલી શાળાઓની સંખ્યાના આધારે આ સ્તર પર 1 થી 12 જેટલા રાઉન્ડ આયોજિત કરી સ્ટેટ ચેમ્પિયન પસંદ કરવામાં આવશે.<br>• આ તમામ રાઉન્ડનું સંચાલન પ્રોફેશનલ ક્વીઝ માસ્ટર દ્વારા કરવામાં આવશે, જેનું સોશિયલ મીડીયા પ્લેટફોર્મ પર પ્રસારણ કરાશે. સ્થાનિક ભાષાને સાંકળીને મિશ્ર ભાષામાં ક્વીઝ થઈ શકશે. આ ક્વીઝમાં સ્થાનિક રમતોના પ્રશ્નોનો પણ સમાવેશ થઈ શકશે.<br>• પ્રત્યેક રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાંથી એક ટીમ એમ કરી કુલ 36 શાળાઓની ટીમ નેશનલ રાઉન્ડ સુધી જઈ શકશે. |
| નેશનલ રાઉન્ડ | • નેશનલ લેવલથી નક્કી કરવામાં આવે તે મુજબ. |

નીચે જણાવેલ વિવિધ થીમ આધારિત પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવશે.

- ભારતીય રમત-જગતનો ઇતિહાસ
- પરંપરાગત રમત-ગમત
- યોગ
- વ્યક્તિવિશેષ
- ભારતમાં પ્રચલિત પરંપરાગત શરીર સૌષ્ઠવ જાળવવા સંદર્ભે વિવિધ પધ્ધતિઓને કેન્દ્રમાં રાખી ફિટનેસ પર આધારિત મુદ્દાઓના પ્રશ્ન
- ઓલિમ્પિક્સ, કોમનવેલ્થ ગેમ્સ, એશિયન ગેમ્સ, ખેલો ઈન્ડિયા ગેમ્સ અને અન્ય પ્રચલિત રમતો

રાજ્યના અને નેશનલ રાઉન્ડમાં 'phone a teacher/parent' જેવા ખ્યાલોનો પણ સમાવેશ કરવામાં આવશે. રસપ્રદ બને તેવા હેતુથી ક્વીઝમાં બઝર રાઉન્ડ, ઓડિયો-વીડિયો ઓળખ રાઉન્ડ જેવા રાઉન્ડ પણ હશે.

**Fit India School Quiz 2023 પ્રાઇઝ માળખું**

| Prize Money to winners | | |
|---|---|---|
| Particulars | cash prize for schools (in INR) | cash prize for students (in INR) |
| National champion | 25,00,000/- | 2,50,000/- |
| 1st runner up - national level | 15,00,000/- | 1,50,000/- |
| 2nd runner up - national level | 10,00,000/- | 1,00,000/- |
| State/UT champion | 2,50,000/- | 25,000/- |
| State/UT 1st runner up | 1,00,000/- | 10,000/- |
| State/UT 2nd runner up | 50,000/- | 5,000/- |
| State qualifiers after NTA round | 15,000/- | 2000/- |
| cash prizes to teachers, principals and parents who will be part of quiz in various rounds | | 9,69,000/- |
| Total prize money | | 3 ,25, 00, 000/- (ત્રણ કરોડ પચીસ લાખ) |

D. MEHTA

# Fit India School Quiz 2023 માટેનું સંભવિત સમયપત્રક

| No. | Activity | Start date | End date |
|---|---|---|---|
| 1 | Launch of fit india quiz | 29 AUGUST 2023 | |
| 2 | Registration | 4 SEPTEMBER 2023 | 5 OCTOBER 2023 |
| 3 | Preliminary or NTA round | 1 NOVEMBER 2023 TO 8 NOVEMBER 2023 | |
| 4 | State Round | 1 DECEMBER 2023 | 25 DECEMBER 2023 |
| 5 | National Round | JANUARY 2024 | |

(CM P. Mehta)